પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ,ગોધરા,
સરનામું સિવીલ લાઇન્સરોડ, ગોધરા.- ૩૮૯૦૦૧,
પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.- (૦૨૬૭૨) ૨૪૨૫૦૪, ૨૪૫૯૭૨,
ફેકસ નંબર - (૦૨૬૭૨) ૨૪૨૮૧૨,
ઇ-મેઇલ એડ્રેસ - sp-pan@gujarat.gov.in

ક્રમાંકઃગનહ/આર.બી./ /૨૦૨૩
પોલીસ અધિક્ષકની કચેરી
પંચમહાલ ગોધરા તા. /૦૬/૨૦૨૩

પ્રતિ,
એકઝીકયુટીવ શ્રી,
ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ,
બ્લોક નં.૧, ૮ મો માળ,
ઉધોગ ભવન, ગાંધીનગર.

**વિષયઃ-** પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

**હવાલોઃ-** (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજી-૧ (ક્રાઇમ)/ટે.૨ / સારી કામગીરી/૧૭૮૧/૧૨ તા.૧૭/૫/૧૨

(૨) આપશ્રીના ફેકસ મેસેજ નં.સી.સી./કોન્સોલ/૫૮૦ /૨૦૧૨ તા.૨૩/૫/૨૦૧૨ આધારે

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, પોલીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબતે ઉપરોકત હવાલાવાળા પત્રથી જણાવવામાં આવેલ છે તો અત્રેના પંચમહાલ જીલ્લામાં **તા.૦૫/૦૬/૨૦૨૩ થી તા.૧૧/૦૬/૨૦૨૩** સુધી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે આપશ્રીને વિદીત થાય.

**ગુન્હો ડીટેકટ-૦૬**

(૧) ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૩૦૩૧૬/૨૦૨૩ ઇ.પી.કો. ક.૩૭૯ મુજબનો ગુનો તા.૨૬/૦૫/૨૦૨૩ ક.૧૮/૦૦ થી ક.૧૯/૩૦ વાગે મોજે.કોઠી સ્ટીલની પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં લીમડા પાસેથી ગોધરા, તા.ગોધરાજી.પંચમહાલ ખાતે આ કામના ફરી.નો રેડમી કંપનીનો કાળા કલરનો નોટ ૭ પ્રો મોડેલનો મોબાઇલ ફોન ફરી.ના ખિસ્સામાંથી પડી ગયેલ હોય જેની આશરે કિં.રૂ.૫,૦૦૦/- ની કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયા વિ. બાબતનો ગુનો રજી. કરવામા આવેલ. આ કામે ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૬/૨૦૨૩ તા.૯/૦૬/૨૦૨૩ ના કામે સામાવાળા ચેમાભાઇ સબુરભાઇ નાયક રહે.દરૂણીયા રાઠવા ફળીયું તા.ગોધરા નાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)એ મુજબ તા.૦૯/૦૬/૨૦૨૩ ક.૨૧/૦૦ વાગે અટક કરી તેઓના કબજામાંથી મળી આવેલ રેડમી કંપનીનો મોબાઇલ ફોન જેનો IMEI નંબર (૧) ૮૬૧૬૪૬૦૪૧૧૫૮૭૭૩ (૨) ૮૬૧૬૪૬૦૪૧૧૫૮૭૮૧ નો કિ.રૂ.૫,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી. ક.૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી ઉપરોકત પકડાયેલ ઇસમની યુકિત પ્રયુકિતથી સઘન પુછપરછ કરતા હકીકત જણાવેલ છે કે આજથી દસેક પહેલા ગોધરા કોઠી સ્ટીલ પાસે આવેલ મેદાનમાંથી મોબાઈલ ફોન ચાલુ હાલતમા મળેલો અને તે મોબાઈલ ફોનમા અવાર

નવાર કોઈના ફોન આવતા હોય જેથી મોબાઈલ ફોન મળતા લાલચ આવી જતા તે મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી તેમાથી સીમકાર્ડ કાઢીનાખી ફેકી દીધેલ અને મોબાઈલ ફોન લઈ ઘરે જતો રહેલ હોવાની કબુલાત કરેલ છે. જે સંબધે તપાસ કરતા ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૦ ૨૨૩૦૩૧૬/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જે અનડીટેકટ ગુનો પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા ડીટેકટ કરવામા આવેલ છે.

(૨) શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૩૦૪૫૬/૨૦૨૩ ઇ.પી.કો. ક.૩૭૯ મુજબનો ગુનો તા.૩૧/૦૫/૨૦૨૩ ક.ક.૫/૦૦ થી ક.૬/૦૦ દરમ્યાન મોજે.શહેરા સી.એચ.સી દવાખાની બહાર ,શેહેરા ખાતે આ કામના ફરીયાદી નો એમ.આઇ દસ આઇ કંપનીનો જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર. ૮૬૨૩૮૪૦૫૫૬૩૬૮૯૩ તથા ૮૬૨૩૮૪૦૫૫૬૩૬૯૦૧ નો હતો. જેમાં મારૂ સીમકાર્ડ નંબર ૬૩૫૪૦૧૫૩૦૪ નો હતો જેની કિ.રૂ.૧૫૦૦૦/- નો શહેરા સી.એચ.સી દવાખાનાની બહાર ફરીના પાછળના પેન્ટના ખિસ્સામાથી કોઇ અજાણ્યા ઇસમે ખિસ્સામાથી કાઢી લઇ ચોરી કરી લઇ ગયા વિ બાબતનો ગુનો રજી. કરવામા આવેલ. આ કામે શહેરા પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૫/૨૦૨૩ તા.૧૦/૦૬/૨૦૨૩ ના કામે સામાવાળા જગદીશભાઇ ઉર્ફે જશલો ભારતભાઇ પટેલ (બારીયા) ઉ.વ.૩૮ હાલ રહે.કાલીયાવાવ તા.ગોધરા જી.પંચમહાલ મુળ રહે.બોરગોટા તા.સીંગવડ જી. દાહોદ નાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)એ મુજબ તા.૧૦/૦૬/૨૦૨૩ ક.૧૩/૩૦૩૦ વાગે અટક કરી તેઓના કબજામાંથી મળી આવેલ સ્કાઇ બ્લ્યુ કલરનો એમ.આઇ. કંપનીનો એમ.આઇ.૧૦ આઇ મોડલનો જેમાં સીમકાર્ડ નાખેલ નથી. જેનો IMEI નંબર (૧) 862384055636893 (૨) 862384055636901 નો લખેલ છે. જે મોબાઇલ ફોનની કિ.રૂ.૧૫,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી ઉપરોકત પકડાયેલ ઇસમની યુકિત પ્રયુકિતથી સઘન પુછપરછ કરતા હકીકત જણાવેલ છે કે આજથી દસેક દિવસ પહેલા એક વ્યકિત એકસીડેન્ટ થયેલ શહેરા સી.એચ.સી. હોસ્પીટલમાં દવા સારવાર કરાવવા આવેલ અને દવાખાની બહાર ઉભેલ હતો તે વખતે તેની નજર ચુકવી તેના ખિસ્સામાંથી મોબાઇલ ફોનની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જે સંબધે તપાસ કરતા શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૩૦૪૫૬/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જે અનડીટેકટ ગુનો પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા ડીટેકટ કરવામા આવેલ છે.

**NDPS એકટ હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૧**

**(૧) ગોધરા શહેર બી ડિવીઝન પોલીસ સ્ટેશન બી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૩૦૩૩૨/૨૩ એન.ડી.પી.એસ .એકટ ૧૯૮૫ ની કલમ.૮)સી(, ૨૦)૨)(એ(, ૨૧)એ(, ૨૯ મુજબના કામે તા.૧૦/૦૬/૨૦૨૩ ના ક.૧૧/૩૦ થી ક.૧૮/૧૦ વાગ્યા સુધી .મોજે.એસ.ટી નગરની પાછળ આવેલ રામનગરની પાછળ આવેલ કબ્રસ્તાનમાં હજરત મહેંદીશા બાવાની દરગાહ પાસે આરોપીઓ )૧ ( સમીર ઉર્ફે સીઝાન ટેણી સિરાજખાન પઠાણ રહે.સિંદુરીમાતાના મંદીર પાસે ગોધરા જી.પંચમહાલ )૨ ( સાજીદ ઉર્ફે સાજીદ દાતરો અહેમદખાન પઠાણ રહે.સિંદુરીમાતાના મંદીર પાસે ગોધરા )૩ (આફતાબ પઠાણ રહે.ગોધરા નાઓએ પોતાના કબજામાં એક પીળા કલરની મીરા ડ્રેસીસ લખેલ થેલીમાં કોર્ડીનની બોટલો તેમજ ગાંજો પોતાના આર્થિક ફાયદા સારૂ રાખી કોર્ડીનની બોટલો નંગ-૧૦ કિં.રૂ.૧૭૨૦ -/ની તથા ૨૨.૫૬૦ ગ્રામ ગાંજો જેની કિં.રૂ.૨૨૦ -/ની તથા એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૦૧ કિં.રૂ.૧૦,૦૦૦-/નો ગણી કુલ કિં.રૂ.૧૧,૯૪૦ -/નો મુદ્દામાલ રાખી પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**જુગારધારા હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૧**

(૧) રાજગઢ પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુ.ર.નં ૧૧૨૦૭૦૫૫૨૩૦૩૦૦/૨૦૨૩ જુગાર ધારા કલમ ૧૨ મુજબના કામે તા.૦૮/૦૬/૨૦૨૩ ના ક.૧૭/૩૦ વાગ્યે મોજે.ભાણપુરા તથા દેવપુરા ગામની વચ્ચે આવેલ કોતર બાજુ અવાવરૂ જગ્યામા આરોપીઓ (૧) ભરતભાઈ મોહનભાઈ રાઠવા

રહે.વાલોઠી, તાડ ફળીયુ તા.બોડેલી જી.છોટાઉદેપુર (૨) મુસ્તકી મહેબુબ ખત્રી રહે. બોડેલી જન કલ્યાણ સોસાયટી તા-બોડેલી જી.છોટાઉદેપુર (૩) પ્રકાશકુમાર અરવિંદભાઈ બારીઆ રહે.ખરખડીની મુવાડી તા-ઘોઘંબા જી.પંચમહાલ (૪) મુકુદભાઈ ઉર્ફે પીંટુભાઈ નટુભાઈ હરીજન રહે.નવા નગર આંગણવાડી ફળીયુ તા.ઘોઘબા (૫) પીયુષકુમાર ધર્મેદ્રસિંહ પરમાર રહે-શીવરાજપુર, તલાવડી ફળીયુ તા-હાલોલ જી-પંચમહાલ (૬) લલીતમલ ધર્મમલસિહ ઠક્કર રહે.શીવરાજપુર, માઈન્સ રોડ તા.હાલોલ જી.પંચમહાલ (૭) શનાભાઈ ઉદેસિહ પરમાર રહે.ભાણપુરા આથમણુ ફળીયુ તા.ઘોઘબા જી.પંચમહાલ નાઓ સ્થળ ઉપરથી પકડાઇ જઇ તથા (૮) ભરતભાઈ ઉર્ફે તોતો નન્નુભાઈ પરમાર રહે.ભાણપુરા તા-ઘોઘબા જી-પંચમહાલ (૯) સુરેશભાઈ ચંદુભાઈ પરમાર રહે-રાયણના મુવાડા તા-ઘોઘબા જી-પંચમહાલ નાઓ ભેગા મળી ભાણપુરા તથા દેવપુરા ગામની વચ્ચે આવેલ કોતર બાજુ અવાવરૂ જગ્યામાં પાના પત્તાનો હારજીતનો જુગાર રમી રમાડતા પકડાઇ ગયેલ તેઓની અંગ ઝડતી રોકડા રૂપીયા ૮૦૦૦/- તથા મોબાઈલ ફોન-૪ કી. રૂ.૧૩૧૦૦/-તથા દાવ ઉપરના કુલ-રૂ. ૯૫૦૦/- મળી કુલ રૂા.૩૦૬૦૦/-ના મુદામાલતથા પત્તા પાનાની કેટ નંગ-૪ કી.રૂા-૦૦/૦૦ સાથે રેઇડ દરમ્યાન પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. રાજગઢ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**<u>પ્રોહીબિશન હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૩</u>**

(૧) **મોરવા પો.સ્ટે પાર્ટ સી ગુ.ર.નં.૧૧૨૦૭૦૪૮૨૩૦૩૮૪/૨૦૨૩ પ્રોહી એક્ટ ક.૬૫એ, ૬૫ઇ, ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના કામે તા.૭/૦૬/૨૦૨૩ ક.૨૦/૧૫ થી તા.૮/૦૬/૨૦૨૩ ક.૦૧/૪૫ વાગ્યે મોજે.મોરવા(હ) બ્રીજ રોડ ઉપર આરોપીઓ (૧) અબ્દુલહસન નુરૂલહસન એરાકી (ટેલર) રહે. ગામ માસીયાતુ મોટી મસ્જીદ પાસે પોસ્ટ. હોલાંગ બાલુમથ બ્લોક તા.જી.લાતેહાર રાજય. ઝારખંડ પીન.નં. ૮૨૯૨૦૨ (૨) દારૂ ભરેલ આઇસર આપનાર યુસુફખાન મો.નં. ૮૬૨૫૯૩૬૭૨૦ તેમજ ૮૬૨૫૯૫૯૫૭૯ (૩) વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ગોવીંદભાઇ પારગી મો.નં. ૭૫૭૨૯૪૫૬૬૬ તેમજ ૭૫૬૭૧૩૨૧૧૧ નાઓએ એકબીજાની મદદગારીમાં ગુનાહીત કાવતરૂ રચી આઇસર ગાડી નંબર એમ.એચ.૦૧ ડી.આર. ૧૭૫૫ કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- નીમા વિદેશી દારૂના કવાટરીયાની પેટીઓ નંગ- ૧૦૦૧ જેમાં કવાટરીયા નંગ-૪૮૦૪૮ ની કિ.રૂ.૪૮,૦૪,૮૦૦/- તેમજ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- તેમજ રોકડા રૂ.૪૪૩૦/- એમ મળી કુલ રૂ.૫૮,૧૪,૨૩૦/- નો પ્રોહી મુદ્દામાલ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે હેરાફેરી વહન કરી નાકાબંધી દરમ્યાન આઇસર નો ચાલક અબ્દુલહસન નુરૂલહસન એરાકી (ટેલર)પકડાય જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી. ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

(૨) હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૩૦૨૯૨/૨૦૨૩ પ્રોહી એકટ કલમ ૬૫(એ), (ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ તા.૦૮/૦૬/૨૦૨૩ ના ક.૧૪/૧૫ થી ક.૧૫/૪૫ વાગ્યે મોજે.ધનસર વાવ તા.હાલોલ ખાતે આરોપીઓ (૧) અર્જુનસિંહ ઉદેસિંહ સોંલકી રહેવાસી ધનસર વાવ તા.હાલોલ જી.પંચમહાલ **વોન્ટેડ આરોપી** (૨) પીનલ ઉર્ફે પપ્પુ અર્જુનસિંહ ઉદેસિંહ સોંલકી રહેવાસી ધનસર વાવ તા.હાલોલ જી.પંચમહાલ નાએ પ્રોહી પ્રતિબંધક એરીયામા પોતાના ધનસર વાવ ગામના ખેતરમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડના (૧) 180 ML J K ROYAL SPECIAL FINE WHISKY ના ક્વાટરીયા નંગ-૨૪૦ કુલ કિ.રૂા.૨૪,૦૦૦ તથા (૨) 180 ML GOA spirit of smoothness DISTILLED BLENDED ના કવાટરીયા નંગ-૪૦૦ કી રૂ.૪૦,૦૦૦/- તથા (૩) 750 મી.લીના GOA spirit of smoothness DISTILLED BLENDED પ્લાસ્ટીકના બોટલો નંગ-૧૨ કી રૂ.૪,૮૦૦/- (૪) ૫૦૦ મી.લી BLACK FORT SUPER STRONG BEER નંગ-૨૪ કુલ કિ રૂ.૨,૪૦૦/- નો મળી નાની મોટી વિદેશીદારૂ તથા બિયરના

ટીન મળી કુલ્લે બોટલ નંગ-૬૭૬ કિ.રૂ.૭૧,૨૦૦/ નો પ્રોહી મુદ્દામાલ વેચાણ કરવા સારું પોતાના ખેતરમાં તાડના સુકાયેલા પાન તેમજ સુકાઘાંસ ની નીચે સંતાડી રાખી પોલીસ ની રેઇડ દરમ્યાન આરોપી નંબર (૧) નો પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. હાલોલ રૂરલ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**(હિમાંશુ સોલંકી)**
**પોલીસ અધિક્ષક**
**પંચમહાલ ગોધરા**

**નકલ સવિનય રવાનાઃ-**

**(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર**
**(૨) અધિક પોલીસ મહાનિદેશક શ્રી સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો ગુ.રા.ગાંધીનગર**
**(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પંચમહાલ ગોધરા રેન્જ, ગોધરા.**